| | | |
|---|---|---|
| ૫ | જાહેર તંત્ર અને કર્મચારીઓએ નિયંત્રણ હેઠળના અનુસરવાના નિતિ નિયમો, સુચનો, મેન્યુઅલ્સ અને રેકર્ડો. | ૧. બી.પી.એમ.સી.એકટ, ૧૯૪૯<br>૨. સામાન્ય સભાનાં ઠરાવ<br>૩. સ્થાયી સમિતિનાં ઠરાવ<br>૪. સાંસ્કૃતિક સમિતિનાં ઠરાવ તથા જાહેર બાંધકામ સમિતિના ઠરાવ<br>૫. સાયન્સ સેન્ટર સુરતના નિતિ – નિયમો<br>○ સાયન્સ સેન્ટરની અંદર સ્વચ્છતા જળવાઈ રહે તે હેતુથી સાયન્સ સેન્ટર પ્રિમાઈસીસમાં કોઈપણ પ્રકારના ખાદ્ય પ્રદાર્થો, ઠંડાપીણા, પાનમસાલા, ગુટખા, પ્લાસ્ટીક પાણીપાઉચ, કેરી બેગ્સ તથા અન્ય પ્રદુષિત વસ્તુ લઈ જવા દેવામાં આવશે નહીં. બહારના ફેરીયાઓને કે સ્વયં સેવકોને કોઈપણ ખાવાપીવાની વસ્તુઓ વેચવા/વિતરણ કરવા દેવામાં આવશે નહીં.<br>○ થેલીઓ, પાણીની થેલીઓ, પાણીની બોટલો વિગેરે સાયન્સ સેન્ટરની મુલાકાત દરમ્યાન સાથે લઈ જવા દેવામાં આવશે નહીં.<br>○ સાયન્સ સેન્ટરની વીઝીટ દરમ્યાન શાંતિ રાખવી, મોબાઈલ ઉપર વાતો કરવાની મનાઈ, તેમજ મોબાઈલ સાયલન્ટ મોડ ઉપર રાખવો, થુંકવાની તથા ધુમ્રપાન કરવાની સખ્ત મનાઈ છે. મુલાકાતીઓ દ્વારા જો પાન મસાલા સાયન્સ સેન્ટર ખાતે ખાતા પકડાશે કે પીચકારી મારતા પકડાશે તો નીતી નિયમો અનુસાર દંડને પાત્ર રહેશે.<br>○ સક્ષમ અધિકારીની પરવાનગી વગર ફોટો/ વીડીયો શુટીંગ કરવા દેવામાં આવશે નહી.<br>○ કોઈપણ પ્રકારની ફરીયાદ/સુચનો ફરીયાદ પેટીમાં લેખિતમાં જણાવવી. મુલાકાતીઓએ સ્ટાફ તથા વિવિધ ગેલેરીમાં હાજર રહેલ જોડે વિવેકપૂર્ણ રીતે વર્તવું ફરીયાદ અથવા સુચન ફરીયાદ બુકમાં લખવા સુચના છે.<br>○ સિકયુરીટી સ્ટાફ કે ફરજ પરનાં સ્ટાફ સાથે ગેરવર્તણુક કે ઝઘડો કરવો નહીં.<br>○ પાળેલા પ્રાણીઓ સાથે પ્રવેશ આપવામાં આવશે નહીં.<br>○ ટીકીટ લીધા પછી પ્રવેશ મેળવ્યા બાદ દરેક મુલાકાતીએ ટીકીટ સાયન્સ સેન્ટર છોડતા સુધી પોતાની પાસે રાખવાની રહેશે.<br>○ સાયન્સ સેન્ટરનો સમય મા.કમિશ્નરશ્રી વખતોવખત નક્કી કરે, એ મુજબનો રાખવામાં આવશે.<br>○ એક વખત ટીકીટ લીધા બાદ ટીકીટ પરત લેવામાં આવશે નહીં કે નાણાં પરત આપવામાં આવશે નહીં.<br>○ પ્રવેશ મેળવ્યા બાદ આકસ્મિક સંજોગોમાં સાયન્સ સેન્ટર બંધ કરવામાં આવે તો રીફંડ ન આપતા ફરી કાર્યરત થતા એ જ ટીકીટ પર પ્રવેશ મેળવવાનો રહેશે.<br>○ કુદરતી અગર જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવા અસામાન્ય સંજોગોમાં સાયન્સ સેન્ટર બંધ કરવાની પરિસ્થિતિ ઊભી થાય તો તેવા સંજોગોમાં પ્રવેશ ટીકીટની પુરેપુરી રકમનું રીફંડ આપવાની અથવા તારીખની ફેરબદલી કરી આપવાની સત્તા મ્યુ.કમિશ્નરશ્રી કે તેનાં અધિકૃત અધિકારીશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા ગણાશે.<br>○ સાયન્સ સેન્ટરની મિલકતને કે સાધનોને કોઈપણ પ્રકારનું નુકશાન થાય તો મ્યુ.કમિશ્નરશ્રી અથવા અધિકૃત અધિકારીશ્રી તેની કરેલ આકારણીની રકમ એટલે થયેલ નુકશાની મુલાકાતી પાસેથી વસુલ કરી શકશે. અન્યથા જરૂર જણાય તો પોલીસ કાર્યવાહી કરવાને પાત્ર રહેશે. |

| | | |
|---|---|---|
| | | ○ સાયન્સ સેન્ટરની મુલાકાત દરમ્યાન આકસ્મિક સંજોગોમાં દુર્ઘટના સર્જાયને તેના થકી કોઈપણ મુલાકાતીને નુકશાન થાય તો તેની જવાબદારી સુરત મહાનગરપાલિકાની રહેશે નહીં.<br>○ પહેલાથી નિર્ધારિત કરેલ સમય મુજબ પ્લેનેટેરીયમ શો બતાવવામાં આવશે.<br>○ સાયન્સ સેન્ટરના તમામ નિયમોનાં અર્થઘટન માટે અને તેમાંથી ઉપસ્થિત થતી કોઈપણ બાબતમાં મ્યુ.કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા ગણાશે. જેના ભંગ બદલ મ્યુ.કમિશ્નરશ્રી/ અધિકૃત અધિકારી દંડ કરી શકશે.<br>○ પાર્કીગ ચાર્જીસ જે તે સમયે નકકી કરવામાં આવેલ હોય તે મુજબ ચૂકવવાના રહેશે.<br>○ ટીકીટબારી છોડતા પહેલા ટીકીટ અને પૈસા ચકાસી લેવા.<br><br>**નોંધઃ**–દરેક પ્રવેશ ફોટો ઓળખકાર્ડ આધારિત રાખવો જરૂરી છે, જેથી ઉપર મુજબ વય મર્યાદાની ચકાસણી કરી શકાય તેમજ સલામતીના ચુસ્ત ધારાધોરણનો અમલ પણ થઈ શકે. ૩ વર્ષ સુધીના બાળકો માટે ઓળખકાર્ડ જરૂરી નથી. ( ઓળખકાર્ડ સામાન્યતઃ ચૂંટણી ઓળખકાર્ડ, આધાર કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, ઈન્કમટેક્ષ પાન કાર્ડ વિગેરે.), શાળાના વિદ્યાર્થીઓના સંદર્ભે વિદ્યાર્થીઓનું ઓળખ પત્ર તેમજ શાળાના આચાર્ય/ જવાબદાર કર્મચારી દ્વારા શાળાના લેટરપેડ પર વિદ્યાર્થીઓની સંખ્યા, નામ અને અભ્યાસનું ધોરણ જણાવવાનું રહેશે. |